Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
www.researchguru.net
Volume-14, Issue-1, June-2020

# બાગાયતી ખેતી વિશે એક સામાન્ય સમજ

**ઝાલા કૃષ્ણવીરસિંહ રણવીરસિંહ**
રિસર્ચ સ્કોલર, અર્થશાસ્ત્ર વિભાગ, શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી ગોધરા, krzala777@gmail.com

**પ્રસ્તાવના:**- ભારત એક ખેતીપ્રધાન દેશ છે. આજે પણ ભારતની મોટાભાગની વસ્તી ખેતી પર આધાર રાખે છે. આજના સમયમાં પણ ૬૫% વસ્તી કૃષિ પર આધારિત છે દેશના આર્થિક વિકાસમાં કૃષિક્ષેત્ર ખૂબ જ મહત્વ રહેલું છે અર્થતંત્રના મુખ્ય ત્રણ અંગો જેમાંથી કૃષિક્ષેત્ર પ્રથમ ક્ષેત્રનું ખૂબ જ મહત્વનું ક્ષેત્ર રહેલું છે. કૃષિ પેદાશો નિકાસ, કીમતી હુંડીયામણ કમાવી આપે છે જેનાથી ઉદ્યોગ અને પાયાના વિકાસ માટે જરૂરી ટેકનોલોજી સાધનો ની આયાત કરી શકાય છે, આર્થિક વિકાસની પૂર્વશરત એ ખેતી કહેવામાં આવે છે. આઝાદી પછી ખેતીની જૂનીપુરાણી અને પરંપરાગત રીતનો ઉપયોગ થતો આવ્યો છે. પરિણામે આપણી ખેતી એ પછાત ખેતી હતી પરંતુ ૧એપ્રિલ ૧૯૫૧ થી પ્રથમ પંચવર્ષીય યોજના ની શરૂઆત થઈ આ યોજનામાં કૃષિ ક્ષેત્રને મહત્વ આપવામાં આવ્યું. આ સાથે ભારત સરકારે એગ્રીકલ્ચર પ્રોડક્શન ટીમને ૧૯૫૬ માં આમંત્રણ આપ્યું આ સમિતિની કેટલીક ભલામણો પૈકી એક ભલામણ જમીનની ઉત્પાદકતા વધારવાની હતી. ભારતમાં વિવિધ પ્રકારની ખેતી કરવામાં આવે છે જેમાં નિભાવગત ખેતી, વેપારી ખેતી, સ્થળાંતરિ ખેતી અને ખૂબ જ મહત્વની એવી બાગાયતી ખેતી કરવામાં આવે છે.

બાગાયતી પાકો એકમ દીઠ વધુ ઉત્પાદન અને આવક આપે છે જે દેશોએ બાગાયતી ખેતી તરફ ઝોક આપ્યો છે તેમણે ઝડપથી સમૃદ્ધિ હાંસલ કરી છે. બગાયતી પાકો વધુ ઉપજ અને રોજગારીનું સર્જન કરી શકે છે આ ઉપરાંત તેના અગત્યના પાસા ની વાત કરીએ તો આ ખેતી લાંબા ગાળાની ખેતી છે. વારંવાર ખેતીમાં ખેડાણ કરવું પડતું નથી લાંબા સમય સુધી આવક મેળવી શકાય છે જે તેનુ ખૂબ જ અગત્યનું પાસું છે.

**બાગાયતી ખેતી નો અર્થ :-**

બાગાયતી ખેતી ને અંગ્રેજીમાં Horticulture કહેવામાં આવે છે Hortus એટલે ગાર્ડન અને culture એટલે ખેતી આ બંને શબ્દો મળીને Horticulture શબ્દ થયો છે. બાગાયતી ખેતી ની જૂની વ્યાખ્યા માત્ર બગીચા પૂરતી મર્યાદિત રહી છે જેમાં થોડા ફળ, વૃક્ષો અને શાકભાજી ની ખેતી થાય એટલે નાના ખેડૂતો પોતાનું અને પોતાના પશુઓ નું પોષણ કરી શકે એટલું તેમાંથી મેળવી લેવામાં આવતું એટલે કે બગીચામાં વૃક્ષો ઉગાડવા પૂરતી તેની વ્યાખ્યા સીમિત હતી. પરંતુ હાલમાં આવા આધુનિક યુગમાં બાગાયતી ખેતીની આધુનિક વ્યાખ્યા ખૂબ જ વ્યાપક કરવામાં આવે છે.

બાગાયતી પાકોમાં ફળફળાદી, શાકભાજી, મસાલા પાકો, ફુલછોડ પાકો, ઔષધીય/સુગંધિત પાકો તથા ચાના મેદાન તેમજ ચાના બગીચા વગેરેનો સમાવેશ કરવામાં આવે છે. બાગાયતી ખેતીમાં ફક્ત ખેડાણ જમીને જ ઉપયોગમાં લેવાય તેમ નથી પરંતુ પડતર, કોતર, ગૌચર તેમજ અન્ય ખેતીલાયક પડતર જમીનમાં પણ ટેકનોલોજી ની મદદથી અને વૈજ્ઞાનિક ખેતીના અભિગમથી ફળપાકો, શાકભાજીપાકો, મસાલાપાકો, તથા ઔષધિય પાકો ના વાવેતર કરી શકાય છે.

**બાગાયતી ખેતી નું સ્વરૂપ:-**

વિશ્વમાં ભારત બાગાયત ની દ્રષ્ટિએ સમૃદ્ધ અને વિશાળ છે. ચાઇના પછી ભારત ફળ તથા શાકભાજીના ઉત્પાદનમાં વિશ્વમાં બીજા

નંબરનું સ્થાન ધરાવે છે આ ઉપરાંત દેશની અંદર ફળપાક તથા શાકભાજી પાકોનું ઉત્પાદન સતત વધી રહ્યું છે. આર્થિક સ્થિતિ સુધારવા માટે આહાર ની પૂર્તિ કરવા માટે તથા વિદેશી હૂંડિયામણની દ્રષ્ટિએ બાગાયતી પાકો ખૂબ જ મહત્વના રહ્યા છેએ, રોજગારીની તકો વધારવા માં બાગાયતી પાકોની ખેતીનું મહત્વ ઘણું એટલે કે ખૂબ જ ઘણું છે આપણા દેશમાં અંદાજે ૨૪૩ લાખ હેક્ટર કુલ વાવેતર થાય છે અને જે વધતો જાય છે.

**ફળ પાકો:-**

આપણા દેશમાં બાગાયતી પાકોના ઉત્પાદન ની સાથે ફળ પાકોનું વાવેતર વિસ્તાર પણ વધતો ગયો છે, વિશ્વમાં ફળ પાકોનું વાવેતર વિસ્તાર ૫૭૪ લાખ હેક્ટર છે, જયારે ઉત્પાદન ૬૫.૪૪ કરોડ છે. વિશ્વમાં ચીન પછી ભારત બીજા નંબરે ફળ પાકોના ઉત્પાદનમાં આવે છે. દેશમાં ફળ પાકો ની હેક્ટરદીઠ ઉત્પાદકતા ૧૨.૩ ટનછે ભારતમાં ગુજરાત, તમિલનાડુ, મહારાષ્ટ્ર, કર્ણાટક, આંધ્રપ્રદેશ, આસામ તથા મધ્ય પ્રદેશ જેવા રાજયોમાં કેળાનું ઉત્પાદન ખૂબ જ થાય છે.

ગુજરાત ફળપાકોનાં ઉત્પાદનમાં ત્રીજા ક્રમે આવે છે, ગુજરાતની કેસર અને હાફૂસ કેરી વિશ્વમાં પ્રખ્યાત છે, ગુજરાતમાં નવસારી, જૂનાગઢ અને વલસાડમાં કેરીનું ઉત્પાદન સારૂ એવું થાય છે. સૌરાષ્ટ્રમાં કેસર તો દક્ષિણમાં આફૂસ જ્યારે રાજાપુરી અને તોતાપુરી કેરી નું ઉત્પાદન થાય છે, ગુજરાતના ગીર પંથક માં કેસર કેરીનું ઉત્પાદન સૌથી વધારે થાય છે, આ ઉપરાંત ગુજરાતમાં જૂનાગઢ, ભાવનગર, સાબરકાંઠા, કચ્છ, મહેસાણા, વલસાડ તથા નવસારી જિલ્લાઓમાં ચીકુનું ઉત્પાદન સારૂ એવું થાય છે. ગુજરાતમાં એક અંદાજ પ્રમાણે ૨૮ હજાર હેક્ટરમાં ચીકુનું ઉત્પાદન ૨.૯૭ લાખ ટન થયું છે. આ ઉપરાંત ગુજરાતમાં પપૈયાનું ઉત્પાદન પણ સારું એવું થાય છે ગુજરાત પપૈયાના ઉત્પાદનમાં બીજા ક્રમે આવે છે, ગુજરાતમાં પપૈયા નું ૧૯૦૦૦ હેક્ટર વાવેતર સામે ૧૧.૮૯ લાખ હેક્ટર ઉત્પાદન થયું.

**શાકભાજી પાકો:-**

દુનિયાના ૨૦૦ દેશોમાં ભારતનું સ્થાન શાકભાજીનાં ઉત્પાદનમાં ચીન પછી બીજા ક્રમે છે, વિશ્વના કુલ શાકભાજીના ઉત્પાદનમાં ભારતનો હિસ્સો ૧૫% છે. વિશ્વની વાત કરવામાં આવે તો વિશ્વમાં ૧૧૬ કરોડ ટન શાકભાજી પાકોનું ઉત્પાદન થાય છે, જેમાં સૌથી વધારે ૨૪૫ લાખ હેક્ટર સાથે ચીન શાકભાજીની ખેતી કરે છે, અને ૫૭ કરોડ ટન શાકભાજીનું ઉત્પાદન મેળવે છે. એની સામે ભારત બીજા ક્રમે ૯૪ લાખ હેક્ટર માં શાકભાજીની ખેતી કરે છે ૨૦૧૫-૧૬ ની વાત કરીએ તો ૧૬૮૫ લાખ ટન ઉત્પાદન થયું હતું.

ગુજરાતમાં શાકભાજી પાકોનું ઉત્પાદન ૧૨૬ લાખ ટન થાય છે, ગુજરાતમાં બટાટાનું વાવેતર ૧.૨૪ લાખ હેક્ટર સામે ૪૩૮ લાખ ટન થાય છે. ભીંડાના ઉત્પાદન માં ગુજરાત ૨૪% હિસ્સો ધરાવે છે, ગુજરાત ડુંગળીના ઉત્પાદનમાં ચોથા ક્રમનું રાજ્ય છે, ગુજરાતમાં ૬૦ હજાર હેક્ટરમાં તેનું ઉત્પાદન થાય છે. ગુજરાત કોબીચના ઉત્પાદનમાં ૭ ટકા હિસ્સો ધરાવે છે, આ ઉપરાંત દક્ષિણ ગુજરાતમાં ટામેટા, હળદર, ભીંડા, મરચી, ડુંગળી, કારેલા, મેથી, પાલક, ગુવાર, ગીલોડા, કોબીચ જેવા અસંખ્ય શાકભાજીઓ થાય છે. મધ્ય ગુજરાતની વાત કરીએ તો રીંગણ, કોબી, ટામેટા, ફ્લાવર, મરચી, આદુ, બટાટા વગેરે નું ઉત્પાદન થાય છે. કચ્છ માં રીંગણ, ભીંડા, ટામેટા, મરચી વગેરે નું ઉત્પાદન થાય છે જ્યારે સૌરાષ્ટ્રમાં રીંગણ, ભીંડા, ડુંગળી, ધાણા, લસણ, મરચી, મેથી જેવા પાકો નું ખૂબજ સારા પ્રમાણમાં ઉત્પાદન થાય છે.

**ફુલ પાકો:-**

ભારત દેશનું ભૌગોલિક દૃષ્ટિએ સ્થાન જોતાં કાશ્મીરથી કન્યાકુમારી સુધી શીત સમશીતોષણ પ્રકાર નું તાપમાન રહે છે, જ્યારે પૂર્વ ભારતમાં વરસાદને લીધે ભેજવાળું રહે છે, જેના લીધે મોટાભાગના ફુલપાકો આપણા દેશમાં વાવેતર કરી શકાય છે, દેશની અંદર દેશી અને પરદેશી જાતો મળીને ૨૦૦૦ હજારથી પણ વધારે ગુલાબોની

વિવિધ જાતોની ખેતી કરવામાં આવે છે. દેશમાં ફૂલપાકોનુ વાવેતર વિસ્તા ૨.૫૦ લાખ હેક્ટર છે, ભારતમાં ફુલોની ખેતી ના કુલ વિસ્તારની ૭૫ ટકા જેટલો વિસ્તાર પરંપરાગત ફૂલો હેઠળ છે દેશના વિવિધ રાજ્યોમાં હજારીગલના ફૂલની ખેતી કરવામાં આવે છે. દેશમાં કુલ ૪૪ હજાર હેક્ટરમાં હજારીગલ ફૂલોની ખેતી થાય છે, દેશની અંદર ૨૦૧૪-૧૫ માં ૩.૬ લાખ હેક્ટર ફૂલો નું વાવેતર થયું છે.

ગુજરાત રાજ્યમાં મુખ્ય રીતે દેશી અને હાઈબ્રિડ ગુલાબ, લીલી, ગલગોટા, મોગરો, સેવતી જેવા ફૂલો પાકોની ખેતી કરવામાં આવે છે. આ ઉપરાંત નાના પાયા પર ચમેલી, પારસ, રજનીગંધા ની પણ ખેતી થાય છે ગુજરાત છૂટક ફૂલોના ઉત્પાદનમાં સૌથી વધુ ઉત્પાદન કરતાં રાજ્યોમાં છઠ્ઠા ક્રમ ધરાવે છે. આ ઉપરાંત ફૂલોના ઉત્પાદનમાં ગુજરાત ૨.૪૬ લાખ ટન ઉત્પાદન સાથે આઠમાં ક્રમે આવે છે, ગુજરાત રાજ્યમાં ૭૧૧૯.૧૭ વિસ્તારમાં પાકોનું વાવેતર કરવામાં આવે છે ગુજરાત રાજ્ય મા મુખ્યત્વે વડોદરા, આણંદ, સુરત, અમદાવાદ, નવસારી, ખેડા જેવા જિલ્લાઓમાં ફૂલોનું ઉત્પાદન થાય છે. આ ઉપરાંત ભાવનગર, વલસાડ, રાજકોટ, ભરૂચ, દાહોદ અને કચ્છમાં પણ થોડું ઘણું ફૂલોનું ઉત્પાદન થાય છે. ગુજરાતમાં વડોદરા અને ભરૂચમાં સૌથી વધુ ૬૦૦ હેક્ટરમાં ગુલાબની ખેતી થાય છે.

**મસાલા પાકો:-**

મસાલા પાકો આરોગ્યની દૃષ્ટિએ ખૂબ જ મહત્ત્વનું સ્થાન ધરાવે છે, જીરૂ, વરિયાળી, ધાણા, અજમો વગેરે અગત્યના મસાલા પાકો છે. આ પાકો ગૃહવપરાશમાં ખૂબ જ ઉપયોગી હોય છે ભારતમાંથી બહારના દેશોમાં મસાલા પાકોની નિકાસ કરવામાં આવે છે, જેને લીધે ભારતને વિદેશી હૂંડિયામણની આવક સારી એવી થાય છે. જે દિન પ્રતિદિન વધતી જાય છે ભારત જીરુનો સૌથી મોટો ઉત્પાદક અને વપરાશ કરતો દેશ છે.

દેશમાં ૨૦૧૬-૧૭ માં મસાલા પાકોનું ઉત્પાદન ૨૦૦ લાખ ટન થયું હતું, દેશની અંદરની વાત કરી તો રાજસ્થાન એ સૌથી અગ્રેસર રાજ્ય છે, મસાલા પાકોના ઉત્પાદન કરવામાં રાજસ્થાનમાં ૧૦.૧૪ લાખ હેક્ટરમા વાવણી થતા ઉત્પાદન ૧૦.૫૬ લાખ ટન થયું હતું. આંધ્રપ્રદેશમાં ૨.૧૨ લાખ હેક્ટરમાં મસાલા પાકોનું વાવેતર થયું હતું દેશમાં સૌથી વધુ મરચાનું ઉત્પાદન આંધ્ર પ્રદેશમાં થાય છે. ૨૦૧૫-૧૬ ના વર્ષમાં ભારતમાં જીરાનું વાવેતર ૭ લાખ હેક્ટર સામે ઉત્પાદન ૩.૭૨ લાખ ટન થયું દેશમાં સરેરાશ ૧૪ ટન લાખ મરચાનું વાર્ષિક ઉત્પાદન થાય છે. દુનિયાના કુલ ઉત્પાદનમાં ૪૦ ટકા ધાણાનું ઉત્પાદન ભારત કરે છે જે એક મોટી વાત છે.

ગુજરાત રાજ્યમાં મસાલા પાકોની વાત કરીએ તો વાવણી નો વિસ્તાર ૫.૦૮ લાખ હેક્ટર છે જીરાનું સૌથી વધુ ઉત્પાદન ગુજરાતમાં થાય છે, જીરુ એ મસાલામાં સૌથી મહત્વનો પાક છે, ૨૦૧૬-૧૭ ના વર્ષની વાત કરીએ તો ૨.૮૯ લાખ હેક્ટરમાં થતા ઉત્પાદન ૨.૨૧ લાખ ટન જેટલું થયું હતું. ગુજરાતમાં સુકા મરચા માટે કરાતી ખેતીમાં ૧૦૦૦૦ હેક્ટરમાં થતા સુકા મરચા નુ ઉત્પાદન ૮૦૦૦ ટન થાય છે. વર્ષ ૨૦૧૫-૧૬ માં ૮૦૦૦ હેક્ટરમાં સુકા મરચા ની ખેતી થી ઉત્પાદન ૫૦૦૦ ટન થયું હતું અને ૨૦૧૬-૧૭ માં સુકા મરચા નુ ઉત્પાદન ૩૦૦૦ ટન થયું હતુ. ગુજરાતમાં સૌથી વધુ સુકા મરચા ની ખેતી સૌરાષ્ટ્રમાં થાય છે, રાજકોટ જિલ્લાનો ગોંડલ તાલુકો મરચાના ઊત્પાદનમાં અગ્રીમ સ્થાન ધરાવે છે મસાલા પાકોના ઉત્પાદનમાં ગુજરાત રાજ્ય બીજા ક્રમે આવે છે.

**ઔષધિય પાકો:-**

ઔષધિય પાકો કે વનસ્પતિ નો વપરાશ દિનપ્રતિદિન પુષ્કળ પ્રમાણમાં વધી રહ્યો છે અને આવનારા વર્ષોમાં હજુ પણ અનેક ગણો વધારો થશે, જંગલોમાંથી આવતી વનસ્પતિ ની પ્રાપ્તિ ઘટી રહી છે કેટલીક ઔષધીય વનસ્પતિઓ અપર્યાય બની છે. જેના કારણે હવે ઓષધીય પાકો ની ખેતી કરવામાં આવે છે. સફેદ મૂસળી, ડોડી જેવી કેટલીક વનસ્પતિઓ પહેલાં વિપુલ માત્રામાં મળતી હતી એ હવે નામશેષ બની રહી છે. ઔષધિય પાકોના

ઇસબગુલ, મીઠી આવળ, અસાળીઓ, કરીયાતુ, સફેદ મૂસળી, ગુગળ, કુંવરપાઠું, સફેદ સેખ, વગેરે પાકો ઔષધિય પાકો ગણાય છે. વિદેશમાં પણ ગુણવત્તાયુક્ત ઔષધિય પાકો નું બજાર જોવા મળે છે. જેના માટે તેની ખેતી કરવી એટલી જરૂરી નથી પરંતુ તેનું ગુણવત્તાયુક્ત ઉત્પાદન લેવું તે ખૂબ જ જરૂરી છે. વૈજ્ઞાનિક અભિગમ પ્રમાણે ફળ પાકો, શાકભાજી પાકો, ફુલ પાકો, મસાલા પાકો, તથા ઔષધિય પાકો, ના વાવેતર કરી શકાય છે અને સારા પ્રમાણમાં ઉત્પાદન મેળવી પણ શકાય છે.

**બાગાયતી ખેતી નું મહત્વ:-**

દેશની અંદર હરિયાળી ક્રાંતિ અને શ્વેતક્રાંતિ નીચેજે સિદ્ધિઓ હાંસલ થઈ તે પછી ખેતી આજીવિકાનું સાધન બની ગઈ છે, ખેતીનું મહત્વ જોતા રાષ્ટ્રમાં વિદેશી હૂંડિયામણ પ્રાપ્ત થઈ રહે છે, રોજગારીની તકોમાં વધારો થાય છે, જમીનની ફળદ્રુપતા જળવાઇ રહે છે, અને વિવિધ પ્રકારની આબોહવા અને પર્યાવરણની જાળવણી માટે આર્થિક દૃષ્ટિએ બાગાયતી ખેતી એ ખૂબ જ મહત્વની અને અસરકારક ખેતી ધણી શકાય.

**સંદર્ભ-સૂચિ**

(૧) શિલ્પા આર વઘાસિયા, "બાગાયતી પાકોનું આર્થિક વિશ્લેષણ" રાજકોટ જિલ્લાના
સંદર્ભમાં મહાશોધ નિબધ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, ૨૦૧૭.

(૨) સામાજિક-આર્થિક સમીક્ષા ૨૦૧૪-૧૫ ગુજરાત રાજ્ય અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર
નિયામકની કચેરી ગુજરાત રાજ્ય ગાંધીનગર ફેબ્રુઆરી ૨૦૧૫